# વન સંરક્ષકશ્રીની કચેરી

સામાજીક વનીકરણ વર્તુળ,
ઈન્દીરાબ્રીજ પાસે, હાંસોલ નર્સરી, અમદાવાદ
Phone: 079-29701921, Fax: 079-29701922, e-mail ID: cf.ahd.forest@gmail.com


ક્રમાંક:- વસંઘા/૯/બ/ 845 /૨૦૨૪-૨૫.

તા. 22/5/2024

**વિષય :-** Diversion of 7.53 Ha. Reserved forest land for Non forest purpose for construction of link road (9.56 km.) from Ahmedabad – Dholera Expressway to Dholera International Airport (Greenfield Alignment) in Dholera Taluka of Ahmedabad district State: Gujarat.
Proposal No. **FP/GJ/ROAD/142506/2022.**

**સંદર્ભ :-** તેમના પત્રાંક :- અ/એફસીએ/૭/૧૩૦-૩૩, **તા.**૧૩/૦૫/૨૦૨૪.

નાયબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ વિભાગ, અમદાવાદને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, તેમના સંદર્ભપત્રથી સાદર કરેલ દરખાસ્તમાં નીચે જણાવ્યા પ્રમાણેની ક્ષતિઓ જણાય છે. જેથી અસલમાં આ સાથે પરત કરવામાં આવે છે. જે અંગે જરૂરી પૂર્તતા કરી ક્ષતિરહિત દરખાસ્ત સત્વરે પુન:સાદર કરવા વિનંતી છે.

(૧) ફોર્મ-એ ના પાર્ટ-૧ તથા પાર્ટ-૨માં વિગતો જોતા સદરહુ રોડમાં હયાત રોડ થી માત્ર ૧૨૦ મી. પહોળાઈ માટે ડાયવર્ઝન દરખાસ્ત કરેલ છે. આ સિવાય કેટલો અનામત વન વિસ્તાર બાકી રહે છે અને તેના બે ટુકડા થવાથી વન વિસ્તાર ઉપર પડતી સંભવિત અસર બાબતે સ્પસ્ટ વિગત તથા નકશો સામેલ રાખવો.

(૨) સદર કામે તળાવ ગામના વન વિસ્તારમાં છેલ્લા ૧૦ વર્ષમાં વન વિભાગ તરફથી જુદી જુદી યોજનાઓ હેઠળ હાથ ધરવામાં આવેલ વાવેતરો/ અન્ય કામગીરી પૈકી કોઈ કામગીરી વિસ્તારનો સમાવેશ ડાયવર્ઝન વિસ્તારમાં થતો હોઈ તો તેની વિગતો સામેલ રાખવી.

(૩) એનેક્ષર-૧૮ થી ૨૧ બાબતે વડી કચેરીએથી મળેલ સુચના મુજબ બિન જંગલ જમીન વન વિભાગ હસ્તક લઈ (વનતરમાં ફાળવવા બાબતે કલેકટરશ્રીના લેટર) તેના સાધનિક કાગળો સહીત જરૂરી સુધારા સહ પુનઃરજુ કરવા.

વધુમાં જણાવવાનું કે, અગાઉ ધોલેરા રેન્જના કાર્યવિસ્તારમાંથી પસાર થતાં રેઈલવે લાઈન બાબતે ઉપલી સત્તાએથી આપેલ માર્ગદર્શક સૂચનો અન્વયે પ્રસ્તુત દરખાસ્તમાં પણ તેનો અમલ થયેલ છે કે કેમ તેની પણ ચકાસણી કરવા વિનંતી.

બિડાણ:- ઉપર મુજબ.

વન સંરક્ષક
સામાજીક વનીકરણ વર્તુળ
અમદાવાદ

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી,
સામાજિક વનીકરણ વિભાગ,
અમદાવાદ.